## જન્મદિને વધામણી



કે.બી. વ્યાસ
જીવ કલ્યાણ સંસ્થા, જિલ્લા પેન્શનર સમાજ, શિહોર કેળવણી મંડળ - પ્રમુખ
શહેર પેન્શનર સમાજ - ટ્રસ્ટી ગાંધીનગર બ્રહ્મ સમાજ, ગુજરાત પુસ્તકાલય મંડળ - સલાહકાર
મો. ૯૮૨૫૦ ૩૩૦૭૪



ભાનુભાઈ એસ દવે
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮



તરલિકાબેન રમેશભાઈ વ્યાસ
પ્રાથમિક શિક્ષક
મો. ૯૭૨૭૧ ૬૫૩૬૦



હરસિદ્ધ અજીતજી ઠાકોર
મો. ૭૦૧૬૬૭૭૮૨૨



દિવ્યશ્રી પ્રેમલસિંહ ગોલ

# ચાણક્ય ભવન સે-૧૩ ખાતે શિક્ષકોનો પડતર પ્રશ્નોને અંગે હોબાળો

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે આવેલા ચાણકય ભવન ખાતે આજરોજ બપોરના સુમારે રાજયના ૨૦ જિલ્લાના પ્રાથમિક શિક્ષકો હાજર રહ્યા હતા અને પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સંઘની સામે હોબાળો કર્યો હતો.



ચાણકય ભવન ખાતે એકઠા થયેલા પ્રાથમિક શિક્ષકોની પડતર માંગણીઓમાં પ્રાથમિક શિક્ષકસંઘના ઈતિહાસમાં કોઈપણ લડત કે આંદોલન સંકલન અથવા કારોબારી સભામાં નક્કી કરવામાં આવે છે ત્યારબાદ આદેશ કરવામાં આવે છે.જે સંઘ દ્વારા શિક્ષકોના મોટા સમુહને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી નિર્ણય જાહેર કરી આદેશ આપ્યો છે તે તાત્કાલીક અસરથી રદ કરવો.તમામ શિક્ષકો માટે માત્ર એક પ્રશ્ન મહત્વનો હોય તેમ સંઘ દ્વારા સળંગ પાંચ વર્ષ નોકરીમાં ગણતરીમાં લેવા માટે તાત્કાલીક જાગીને આદેશ કરીને વટહુકમ બહાર પાડ્યો છે તે અંગે રાજયભરના શિક્ષકો જોગ જાહેર કરવામાં આવે. તા.૧૭-૧-૧૯ નો આદેશ રદ કરીને તાત્કાલીક ૫ દિવસમાં રાજયની કારોબારી બોલાવવી અને રાજયના શિક્ષકોની એક જ માંગ છે તે અચોક્કકસ મુદત માટે ચોકડાઉનનો કાર્યક્રમ જાહેર કરવો, જેમાં દરેક શિક્ષક શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કામગીરીનો ત્યાગ કરી હડતાલમાં જોડાય. શિક્ષકોની હડતાલ જયા સુધી પડતર પ્રશ્નોનું નિરાકરણ આવે નહી ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે.શિક્ષકો પાસેથી વધારાની કામગીરી લેવામાં આવે છે તે બંધ કરવી, ૧૯૯૭ થી પાંચ વર્ષ સળંગ નોકરીમાં ગણવામાં આવે, એચટાટ આચાર્યની કેડર માટેના તમામ પ્રશ્નો લેવા, ખાતાકીય પરિક્ષામાં એચ ટાટ પરિક્ષાર્થીઓનો સમાવેશ કરવો,સહિતની પડતર માંગણીઓનો સત્વરે ઉકેલ નહીં આવે તો રાજયભરના પ્રાથમિક શિક્ષકો ઉગ્ર આંદોલન કરશે.



ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં વિકસાવાયેલ સુંદર સ્વર્ણિમ પાર્ક માત્ર પાટનગરવાસીઓ માટે જ નહી પરંતુ અમદાવાદ સહિત આસપાસના વિસ્તારના નાગરિકો માટે પણ પસંદગીનું સ્થળ બની રહેવા પામ્યું છે. વળી, સ્વર્ણિમ પાર્ક શોર્ટ ફિલ્મોથી માંડીને પ્રિવેડિંગ, પોસ્ટ વેડીંગ સહિતના વિવિધ વિડિયો શુટિંગ માટે પણ લોકપ્રિય ડેસ્ટિનેશન બનવા પામ્યું છે. આ પાર્કમાં દરરોજ હજારોની સંખ્યામાં ફોટા ક્લિક થાય છે અને સેંકડો વિડીયો શુટિંગ પણ થાય છે. રવિવારની સવારે મહાત્મા મંદિર નજીકના સ્વર્ણિમ પાર્કમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આધારિત એક વિડિયો સોંગનું શુટિંગ ચાલી રહ્યુ હતુ. જેમાં અમદાવાદથી અંધજન મંડળના બાળકો સહિત દિવ્યાંગ બાળકો રાષ્ટ્રધ્વજના રંગોના વસ્ત્ર પરિધાન સાથે સજજ થઈ ભાગ લીધો હતો. બપોર સુધી ચાલેલા આ શુટિંગના પગલે ત્યાંથી પસાર થતા વાહનચાલકો સહિત સ્વર્ણિમ પાર્કના મુલાકાતીઓમાં ભારે કૌતુક સર્જાયું હતું.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર રાત્રીના સમયે અજાણ્યા વાહનની ટક્કરથી અજાણ્યા ઈસમનું મોત

### પ્રાંતિજ પોલીસે અજાવ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોધી મૃતકના પરીવારની શોધખોળ હાથ ધરી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે કોઈ અજાણ્યા ઈસમને ટક્કર મારી ઘટનાસ્થળે મોત નિપજાવી ભાગી જતાં પ્રાંતિજ પોલિસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથમ ધરી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ હિંમતનગર-અમદાવાદ રોડ ઉપર આવેલ કિસ્મત કાઠીયાવાડી હોટલ પાસે રાત્રીના સમયે કોઈ અજાણ્યા વાહનચાલકે કોઈ અજાણ્યા ઈસમને ટક્કર મારી શરીરે ઈજાઓ પહોચાડી અજાણ્યા ઈસમનું સ્થળ ઉપર જ કર્મકમાટીભર્યુ મોત નિપજયું હતું. પ્રાંતિજ પોલીસને વહેલી સવારે સમાચાર મળતાં પ્રાંતિજ પીઆઈ એ.બી. ગજ્જર સહિત પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે પહોચી મૃતકના મૃતદેહને પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામા આવી હતી. પ્રાંતિજ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધી મૃતકના પરીવારની શોધખોળ હાથ ધરી છે.



આ જીંદગી અનેક પ્રકારની આંટીઘૂંટીઓથી ભરેલી છે અને માનવી જ્યારે રોજબરોજની આંટીઘૂંટીઓમાંથી પસાર થાય ત્યારે ક્યારેક કંટાળાનો ભોગ પણ બનતો હોય છે જેના કારણે બે ઘડી 'હાશ' મેળવવા ચા-કોફીથી માંડીને ધુમ્રપાનનો સહારો લેતો હોય છે. ધુમ્રપાન એ સૈકાઓથી ચાલી આવતુ 'રિફ્રેશમેન્ટ' છે જે વિવિધ સ્વરૂપે જોવા મળે છે. આજે ભલે સિગારેટ સ્વરૂપે યુવાનોમાં પ્રચલિત બન્યું હોય પરંતુ એક સમયે તે 'ચિલમ' થકી કરવામાં આવતુ હતુ. અને શહેરના કેટલાક વડિલો હજુ પણ આ ચિલમ પીવાના શોખીન છે. ધુમ્રપાન એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને આજે 'વિશ્વ કેન્સર દિવસ' પણ ઉજવાઈ રહ્યો છે ત્યારે શહેરના એક વડિલને આ રીતે ચિલમ ફૂંકતા જોઈ ચિંતા થવા સાથે સાથે વિતેલા જમાનાની યાદ પણ બે ઘડી આવી જાય તે સ્વાભાવિક છે.

# પાલનપુરના મલાણા નજીકથી ૧.૩૪ લાખનો વિદેશી દારૂ ભરેલી ટવેરા ઝડપાઈ

પાલનપુર તાલુકા પોલીસે શનિવારે મલાણા નજીકથી રૂપિયા ૧.૩૪ લાખનો વિદેશી દારૂ ભરેલી ટવેરા ઝડપી લીધી હતી. આ અંગે કુલ રૂપિયા ૩.૮૪ લાખનો મુદ્દામાલ કબજે લઈ બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાસકાંઠા પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુળની સુચનાથી પાલનપુર તાલુકા પોલીસ સબ ઈન્સ્પેકટર એ.એમ. પટેલ ડી સ્ટાફના ઘેમરભાઈ, વિનોદભાઈની ટીમ સાથે પાલનપુર તાલુકા પો.સ્ટે.ના મલાણા સીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમીની હકીકત આધારે ચિત્રાસણી ડીસા રોડ પર નાકાબંધી કરી હતી. જ્યાં ટવેરા ગાડી નં. જીજે.૦૨.સીએલ.૧૧૮૦ને ઉભી રખાવી તલાસી લેતાં અંદરથી રૂપિયા ૧,૩૪,૮૮૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ તથા બિયર ટીન કુલ નંગ-૧૧૦૩ મળી આવ્યો હતો.

# ખબરે અનોખી...

### એન્ટાર્કટિકા પર પહોંચનાર પહેલી ભારતીય બાઈક

હાલમાં જ ત્રણ બાઈક સવારે બજાજ ડોમિનાર બાઈકથી ૫૧ હજાર કિમીની સવારી કરી છે. ખાસ વાત એ છે કે તેમણે આ મુસાફરી ૯૯ દિવસમાં ૩ મહાદ્વીપો કવર કર્યા છે. તેમણે આ સવારીમાં દુનિયાના ખતરનાક રસ્તાઓનો સામનો કરવો પડ્યો હતો. જેમાં દરરોજ ૫૧૫ કિમી અંતર કાપતા હતા. બજાજ ડોમિનાર એન્ટાર્કટિકા પર સવારી કરનારી પ્રથમ ભારતીય મોટરસાયકલ બની છે.

### દુલ્હન જેવી સજાવેલી ગાડીમાં રહેતા ''વનમાનુષબાબા''

પ્રયાગરાજ કુંભમાં એવા ઘણા બાબા આવ્યા છે જે ખુબજ અનોખા છે. એવાજ એક બાબા છે સાલિકરામ મહારાજ. જેમને લોકો ''વનમાનુષબાબા''ના નામથી બોલાવે છે. વનમાનુષબાબા ૨૪ કલાક દુલ્હનની જેમ સજાવેલી ગાડીમાં જ રહે છે. તેઓ આખા શરીર પર રક્તચંદનનો લેપ લગાવી વાનરના રૂપમાં જ રહે છે.

### ભાવનગરમાં ''ખાદી ફેશન શો''

ભાવનગરમાં ઈન્કર વ્હીલ કલબ દ્વારા ૫૦ ૫૦ બહેનોને પગભર કરી મહિને ૭ હજાર કમાઈ શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કલબ દ્વારા આજે માત્ર ખાદીમાંથી બનેલા ડીઝાઈનર વસ્ત્રોનો મેગા શૉ યોજવામાં આવ્યો હતો. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિને અનુલક્ષી આ શૉ યોજાયો હતો.

### પોરબંદરથી ખાદી એક્સપ્રેસ દોડશે

મહાત્મા ગાંધીના ૧૫૦મા જન્મ દિવસ પર ખાદી એક્સપ્રેસ ચલાવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ટ્રેનમાં આઠ બોગી હશે. આ ટ્રેનમાં મહાત્મા ગાંધી સાથે જોડાયેલા સામાનનું તથા ગાંધીજીના જીવન પર બનેલ વિવિધ પેન્ટીંગનું પ્રદર્શન કરવામાં આવશે.

### જાપાનમાં યુવકને વંદાથી પ્રેમ થઈ ગયો

હાલ જાપાનમાં એક અનોખી લવ સ્ટોરી સોશ્યિલ મિડીયામાં ચર્ચાનો વિષય બની છે. આ લવ સ્ટોરીમાં છોકરાને કોઈ છોકરી સાથે નહી પરંતુ વંદા સાથે પ્રેમ થઈ ગયો છે. કોકરોચ એટલે કે વંદાને ડેટ કરનારા આ યુવકનું નામ શિનોહારા છે. તે જાપાનમાં રહે છે. પરંતુ આ લવ સ્ટોરી એક વર્ષ બાદ પુરી થઈ ગઈ કારણ કે વંદો મરી ગયો.

### મધ્યપ્રદેશમાં મરઘી સામે પોલીસ ફરિયાદ

મધ્યપ્રદેશના શિવપુરમાં એક વિચિત્ર મામલો સામે આવ્યો છે. એ મહિલાએ પોલીસ સ્ટેશન જઈ મરઘી સામે ફરિયાદ દાખલ કરાવી છે. ઘટના એવી છે કે શિવપુરમાં રહેતુ એક પરીવાર લાંબા સમયથી એક મરઘીને પાળે છે. આ મરઘીએ પડોશમાં રહેતી પૂનમ નામની મહિલાના બાળકને મરઘીએ ચાંચ મારતા પૂનમે પોલીસમાં મરઘી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસ પણ પૂનમની ફરિયાદના આધારે મરઘી અને તેની માલકીનને પોલીસ મથક લઈ આવી છે.

# નિકિતાબેન વ્યાસને મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ

ગાંધીનગર, તા. ૩

એક શિક્ષક સો માતાની ગરજ સારે છે. બાળકને સારા સંસ્કાર શિક્ષક પાસેથી જ મળે છે. આવાજ એક શિક્ષકની વાત કરીએ તો, અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પબ્લિક સ્કૂલ વેજલપુર ખાતે ઘણા વર્ષોથી શિક્ષણ આપતા નિકેતાબેન વ્યાસ કે જેમણે તેમની શિક્ષક તરીકેની યાત્રામાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. તાજેતરમાં જ તેમના હાથે ચિત્રકૂટ એવોર્ડ સમારંભમાં લખાવેલ પુસ્તકો 'પ્રજ્ઞા એકમ ચિત્રવાર્તા શ્રેણી ભાગ ૧ થી ૨' અને પ્રજ્ઞા વાચન માળાનું વિમોચન મોરારીબાપુના હાથે કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત તેમને શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવી તે નાનીસૂની વાત નથી મનાતી ત્યારે જ અમદાવાદની સરકારી શાળામાં શિક્ષિકા રૂપે ફરજ બજાવતા



નિકેતાબેન વ્યાસની સિદ્ધિ ગર્વ અપાવે છે તેવી છે. નિકેતાબેન એ બાળકોને વાંચતા કરવા ચિત્રોને માધ્યમ બનાવી જોડાકાર વગરની ચિત્રવાર્તાઓનું સર્જન કર્યુ છે. તેમને ગુજરાત રાજયમાં સૌ પ્રથમ વખત પ્રજ્ઞા અભિગમના એકમ અનુસાર ચિત્રવાર્તાઓ બનાવવાનું બહુમાન મળ્યુ છે. તેમના દ્વારા વાંચન કૌશલ્યના વિકાસ માટે નવતર પ્રયોગ સાથે ગુજરાતી ભાષા શીખવા 'ગુજરાતી શીખો ભાગ-૧-૨' નામનું પુસ્તક લખાયુ છે. તેમનું આ પુસ્તક ગુજરાત રાજયમાં પહેલીવાર એજયુકેશનલ ઈનોવેશન-પુસ્તક સ્વરૂપે રજૂ થયુ છે. છેલ્લા ૨૦ વર્ષથી શિક્ષણ અર્થે રાજય શિક્ષક સંઘ દ્વારા રાજ્યભરમાંથી ૧૧ શ્રેષ્ઠ શિક્ષકોને આપવામાં આવતા એવોર્ડ માટે તેમની પસંદગી કરવામાં આવી છે. તાજેતરમાં જ તેમના લિખિત પ્રજ્ઞા એકમ ચિત્રવાર્તા શ્રેણી ભાગ ૧ થી ૯ અને પ્રજ્ઞા વાંચનવાળા નામના બે પુસ્તકોનું વિમોચન મોરારી બાપુના હસ્તે કરવામાં આવ્યુ અને મોરારી બાપુના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ પણ હસ્તક થયો છે. સાથે સાથે તેમને શાલ તથા ૧૫૦૦૦ રૂ.નું રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયું છે.

### બિમાર છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ૬૦૮૯૯ બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ હોવાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ૬૪ હજાર જેટલા બાળકોની ચકાસણી કરવાનુ આયોજન આ મહત્વાકાંક્ષી કાર્યક્રમનું લક્ષ્ય હતુ.

હૃદય, કીડની, કેન્સર અને અન્ય ગંભીર બિમારીમાં પટકાયેલા બાળકોની સારવારનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવે છે તે પણ નોંધનીય છે. તંત્રએ આ ચકાસણી અભિયાન દરમ્યાન ૧૦૦ જેટલા પાણીના સ્ત્રોતની પણ ચકાસણી કરી હતી. ૯૬૧ બાળકો સંદર્ભ સેવા પાત્ર જણાતાં નિષ્ણાત તબીબો દ્વારા ચકાસવામાં આવી રહ્યા છે. જે પૈકી ૯૪૩ બાળકોની સારવાર પણ આરંભી દેવામાં આવી છે.

### અતિતની આજ ● અનુસંધાન ચોથા પાનાનું

મુસલમાનો હિંદમાં રહેવા માંગતા હોય તો, તેમણે ઊતરતા દરજ્જાથી સંતોષ માનવો રહ્યો અથવા મુસલમાનો માનતા હોય કે, પાકિસ્તાનમાં હિંદુઓ મુસલમાનોની મહેરબાનીથી કેવળ દાસ તરીકે જ રહી શકે, તો એથી હિંદુ ધર્મનો તેમ જ ઈસ્લામનો અંત આવશે.ગાંધીજીએ વધુમાં કહ્યું કે, તમારી નીતિ ઈસ્લામ પ્રત્યે શત્રુતાની નથી એવી તમે મને ખાતરી આપી તેથી મને આનંદ થયો.તેમણે ચેતવણી આપી કે, મુસલમાનોની કતલો પાછળ તમારી સંસ્થા હતી એવો તમારી સામેનો આરોપ સાચો હશે તો એનું આવી બનશે.

સંઘના આ જ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરીમાં ગાંધીજીને ગીતાના બીજા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કૌરવોનો નાશ કરવાની સલાહ આપે છે એ વિશેના પ્રશ્નના ઉત્તરમાં મહાત્માએ કહ્યું હતુંઃ ''તમે ન્યાયાધીશ અને શિક્ષા કરનાર ઉભય બની બેસશો તો સરદાર અને પંડિત નેહરુ બંને અશક્ત બની જશે.તેમને તમારી સેવા કરવાની તક આપો.કાયદો તમારા પોતાના હાથમાં લઈને તેમના પ્રયાસોને વિફળ ન બનાવો.''

**સદીઓમાં ક્યારેક જ જન્મે**

મહાત્મા ગાંધી જેવી વિશ્વપ્રતિભાની વાતને થોડાક શબ્દોમાં આવરી લેવાનો યત્ન તો આકાશને છાબમાં સમાવવા જેવું કહી શકાય.જોકે એક સામાન્યકક્ષાની પ્રતિભા સમગ્ર વિશ્વ માટે અનુસરણીય આદર્શ બની શકે એ કંઈ નાની સૂની વાત નથી.મહાત્માએ પોતાના વ્યક્તિત્વને પારદર્શી બનાવ્યું એટલે એમના ગુણ-અવગુણ સૌની નજરે ચડ્યા.એ જીવ્યા પારદર્શી અને પોતે બૅરિસ્ટર હોવા છતાં સામાન્ય ગામડિયાની જેમ સાવ સાદગીથી જીવ્યા. અનેક બૅરિસ્ટર મહાનુભાવો કે માલેતુજારોને એમણે સર્વસ્વ ત્યાગીને દેશસેવામાં જોતર્યા. ભલભલા રાજકીય શાસકોને એમણે પ્રેમથી વશ કર્યા. સત્ય, અહિંસા અને સત્યાગ્રહની તાકાતનો પરચો બતાવીને દેશને આઝાદ કરવા સુધીની મજલ કાપવામાં બેસુમાર લોકોનો સાથ મેળવી શક્યા. આવા ગાંધી માટે સત્ય એ જ ઈશ્વર હતો. સામાન્ય માણસમાંથી અસામાન્ય માણસ કરવાની પ્રક્રિયા એમને સહજ સાધ્ય હતી અને છતાં સાવ ઓલિયા માણસ તરીકે એ જીવ્યા અને પોતે નહીં કરેલા કૃત્યને કાજે અણસમજ હત્યારાની ગોળીએ મોતને એટલી જ સહજતાથી એ ભેટ્યા. ગાંધીજી જેવાં વ્યક્તિત્વો તો સદીઓમાં ક્યારેક જ જન્મે. આપણે એમના વ્યક્તિત્વને મૂલવવામાં સાવ જ ઉણા ઉતરવાના.

haridesai@gmail.com

### પોલીસ અને સીબીઆઈ... ● પહેલા પાનાનું ચાલું

થોડાક સમય બાદ કોલકાતા પોલીસ અને સીબીઆઈના અધિકારીઓ વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી. ત્યારબાદ પોલીસે સીબીઆઈની ઓફિસ જીસીઓ ઓફિસ ઉપર કબજો જમાવ્યો હતો. આ મુદ્દો શારદા ચીટ ફંડ સાથે સંકળાયેલો છે. આ મુદ્દે સંબંધિત કેટલીક ફાઈલો ગુમ હતી. એટલા માટે સીબીઆઇ રાજીવ કુમારની પુછપરછ કરી રહી હતી. ત્યાર બાદ સીબીઆઇ અધિકારીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર ઈતિહાસમાં આ પહેલીવાર થયું છે જ્યારે, પોલીસે સીબીઆઇ અધિકારીઓની જ ધરપકડ કરવામાં આવી હોય. કહેવાઇ તો તેમ પણ રહ્યું છે કે ઘટના સ્થળ પર પોલીસ અને અધિકારીઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. કહેવાઇ રહ્યું છે કે, પોલીસે કોલકાતામાં સીબીઆઇ ઓફીસ પર કબ્જો કરી લીધો છે. બીજી તરફ હાઇપ્રોફાઇલ ડ્રામા ચાલી રહ્યો હતો. તે સમયે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પોલીસ કમિશ્નરને મળવા માટે પહોંચી ગયા. સુત્રો અનુસાર જ્યારે સીબીઆઇ અધિકારી પોલીસ કમિશ્નરની પુછપરછ કરવા માટે પહોંચ્યા તો પોલીસ સાથે તેમની સામાન્ય ધોલ ધપાટ થઇ હતી. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ સરકારે સૌથી પહેલા પ્રતિબંધ લગાવ્યો હતો કે તેમના રાજ્યમાં સીબીઆઇ પરવાનગી વગર કોઇ પગલા નહી લે. હવે ભાજપ સવાલ ઉઠાવી રહ્યું છે કે, મમતા બેનર્જી આખરે સીબીઆઇથી શા માટે ગભરાઇ રહ્યા છે ? મીડિયા રિપોર્ટ અનુસાર પુછપરછ માટે આવેલા અધિકારીઓનાં ડ્રાઇવરને સૌથી પહેલા ત્યાંથી હટાવી દેવાયો.

### શાહી સ્નાન... ● પહેલા પાનાનું ચાલું

હતી. ત્યારબાદથી ભારે ઉત્સાહ વચ્ચે કુંભ જારી છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત કરવામાં આવેલા મહાકુંભની અનેક વિશેષતાઓ રહેલી છે. સંગમ ઉપર ત્રિવેણી ઘાટ પાસે આનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રયાગરાજમાં કુંભનું નામ આવતાની સાથે જ યમુના, ગંગા અને સરસ્વતીના પાવન ત્રિવેણી સંગમની બાબત માનસિક ચિત્ર ઉપર આવી જાય છે. આ પવિત્ર સંગમ સ્થળ ઉપર ડુબકી લગાવવા માટે દેશ અને દુનિયાભરમાંથી શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. એવી માન્યતા રહેલી છે કે આધ્યાત્મિક શહેરમાં ડુબકી લગાવીને શ્રદ્ધાળુઓ જુદા જુદા પાપમાંથી મુક્તિ મેળવે છે. કુંભ મેળા ૨૦૧૯માં આવનાર શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે દ્વારા ૮૦૦ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. આ તમામ ટ્રેનો જુદા જુદા સ્ટેશનોથી પ્રયાગરાજની વચ્ચે દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેનો સામાન્ય ટ્રેનો ઉપરાંતની ટ્રેનો છે. કુંભ મેળામાં આવનાર શ્રદ્ધાળુઓ અને ટ્યુરિસ્ટો માટે દેશના દરેક રેલવે ઝોનથી છ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.અલ્હાબાદ જંક્શન પર ૧૦૦૦૦ યાત્રીઓને ગોઠવી શકાય તે માટે ચાર મોટા ગેસ્ટ હાઉસ બનાવવામાં આવ્યા છે.

### એક્સપ્રેસ ખડી પડી... ● પહેલા પાનાનું ચાલું

પડવા માટેના કારણોમાં તપાસ ચાલી રહી છે પરંતુ એમ માનવામાં આવે છે કે, રેલવે ટ્રેકમાં પ્રાથમિકરીતે ક્રેક નજરે પડી છે. અકસ્માતમાં તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. સીઆરએસ ઈસ્ટર્ન ઝોનના લતિફ ખાન દ્વારા આ મામલામાં તપાસ કરવામાં આવનાર છે. મુખ્યમંત્રી નીતિશકુમાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ટ્રેન દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરીને ઘાયલ થયેલા લોકોને ઝડપથી રિકવરી માટે આદેશો જારી કર્યા છે. સોનપુર ડિવિઝનથી મળેલી માહિતી મુજબ પાટા તુટી ગયા હોવાના લીધે આ દુર્ઘટના સર્જાઈ હતી જેમાં ભાંગફોડની આશંકા પણ દેખાઈ રહી છે. હાજીપુર-બછવાડા રેલવે સેક્શન વચ્ચે સહદોઈ સ્ટેશન નજીક અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે, ઘડી પડેલા કોચ એકબીજા ઉપર ચડી ગયા હતા. વહેલી પરોઢે ૩.૫૨ વાગે આ ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. જોગબનીથી નવી દિલ્હીના આનંદવિહાર ટર્મિનલ તરફ જઈ રહેલી સિમાંચલ એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી.

### વિશ્વગુરૂ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતની ભાજપ સરકાર ગરીબોની, શોષિતોની, વંચિતોની સરકાર છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપની સરકાર બની છે. હવે અત્યારની લડાઈ શરુ થાય છે. આ લોકસભાની ચુંટણીએ મોટો પડકાર છે. દેશને તોડનારા અને ભ્રષ્ટ્રાચારીઓ માત્ર ચાર વર્ષમાં એક થઈ ગયા છે. એક બીજાનુ મોં ન જોનારા પાસે બેસીને ચર્ચાઓ કરી રહ્યા છે. તેઓની કોંભાડોની દુકાનો બંધ થઈ ગઈ છે. કોંગ્રેસના લોકો તકવાદી છે તેઓ સમય મળતા પક્ષ બદલી નાંખે છે. જયારે ભાજપના કોઈ નેતા નહીં પરંતુ કાર્યકર પણ પાર્ટી બદલતો નથી. ૧૦ વર્ષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર શાસન કરે તો પરમ વૈભવનું શિખર પ્રાપ્ત કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નયા ભારતનું સર્જન કરવા નીકળ્યા છે. રાજયમાં ૨૩ વર્ષની ભાજપ સરકાર તેમજ કેન્દ્રમાં સાડાચાર વર્ષની સરકારની કામગીરી અને કાર્યકર્તાઓની મહેનતનું ભાથુ અમારી પાસે છે. દેશ મહાસત્તા અને વિશ્વગુરુ બને તે માટે સૌ સાથે મળીને કામ કરવા જણાવ્યું હતું.

મતદારોના ઘર સુધીના સંપર્કો જીવંત કરવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કાર્યકરોને કીધુ હતું. આ પ્રસંગે ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે ભાજપ માટે સુર્વણ સમય ચાલી રહ્યો છે.ઈતિહાસ લખાઈ રહ્યો છે ત્યારે પુરક અને સાક્ષી બન્યા છીએ.ભારત સમુધ્ધ બન્યું છે, ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વાતો દરેક નાગરીક સુધી પહોંચી છે. બુથ અને શકિત કેન્દ્રો મજબુત હોય ત્યાં સુધી કોઈની તાકાત નથી કે હરાવી શકે. મેરા બુથ સબસે મજબુત અંતર્ગત વિવિધ યોજનાઓ, વ્યવસ્થાઓ,બેઠકો યોજીને મીંટીગનું આયોજન કરવાનું તેમણે જણાવ્યું હતું. શકિત કેન્દ્રના ઈનચાર્જ મતકેન્દ્ર સુધી મતદારોને લાવે છે. શકિતકેન્દ્રના ઈનચાર્જ પાસે મહત્વનું કામ છે સંગઠનમાં સરકાર રચવાની તાકાત છે. તેઓએ કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે અત્યાર સુધી એકબીજાની સાથે વાત કરતા ન હોતા તે એક થઈ ગયા છે અને મહા ગઠબંધનની રચના કરી છે.

ગામડાઓમાં અત્યાર સુધી આરોગ્ય, શિક્ષણ, માર્ગ, પાણી સહિતની સેવાઓ કોંગ્રેસના શાસનમાં હતી નહી, તેના કરતા વધુ સારી અને ઝડપી ભાજપના રાજમાં ગામડામાં નિર્માણ પામી છે. પરોક્ષ રીતે જીવનમાં સુધારો થાય તેને વિકાસ કહેવાય તેમજ ૨૬ લોકસભા બેઠક માટે કાર્યકરોને ગમો અણગમો દુર કરીને,કામ થયા હોય કે ન થયા હોય બધુ બાજુ પર મુકીને બે ત્રણ મહિના કામે લાગી જવા જણાવ્યું હતું. જયારે પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ અને ભીખુભાઈ દલસાણીયાએ પણ કાર્યકરોને વિવિધ કાર્યક્રમોની વિગતો આપી લોકસભાની ચુંટણીને ધ્યાને રાખીને કામે લાગી જવા માટે જણાવી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ચારેય લોકસભાના હોદેદારો, આગેવાનો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે ગાંધીનગર શહેર-જિલ્લાના હોદેદારો પણ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

### સારવાર અપાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂપકીદી સેવવામાં આવી રહી છે. એટલુ જ નહિ તબીબી અધિકારીઓ દ્વારા લક્ષ્યાંક કરતાં પણ બે હજાર બાળકોની ઓછી તપાસ થયેલી હોવાનુ બહાર આવ્યું છે.

જિલ્લામાં કુપોષણની સમસ્યા માત્ર ૬૦૦ બાળકોમાં જ જોવા મળી છે. તો આંખની ખામી ૨૬ બાળકોમાં, પેટની તકલીફ ૬૩ બાળકોમાં અને ચામડીના રોગ ધરાવતા ૭૮ બાળકો મળી આવ્યા છે.

સંદર્ભ સેવા પાત્ર બાળકો ૬૫૫ મળ્યા છે. જે પૈકી ૪૫૩ બાળકોની ચકાસણી પણ નિષ્ણાત તબીબો દ્વારા થઈ ગઈ છે.


### ઓનલાઈન જાહેર નિવિદા નં.૨ /૨ સુધારો સને ૨૦૮૧-૧૯

**નાયબ કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના પેટા વિભાગ નં.૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૫, નિર્માણ ભવન, ચોથો માળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૦૩૧ની કચેરી તરફથી બે કામ જેની અંદાજીત રકમ રૂ. ૨.૯૮ લાખ અને રૂ. ૨.૭૬ લાખ સુધીની છે. જેના માટે ટેન્ડરના દસ્તાવેજો અત્રેની વેબસાઈટ www.rnb.nprocure.com ઉપર તા. ૬/૨/૨૦૧૯ હતી જે હવે સુધારી તા. ૧૧/૨/૨૦૧૯ રાખવામાં આવેલ છે. જે ૧૭.૦૦ કલાક સુધી જોવા મળી શકશે અને ભરી શકાશે. શક્ય હશે તો તા. ૧૮/૨/૨૦૧૯ના રોજ ૧૭.૧૫ કલાકે ટેન્ડર બીડ ઓપનીંગ કરવામાં આવશે.

ટેન્ડર ફીનો ડી.ડી. બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. ઓનલાઈન સ્કેન કરેલ ડોક્યુમેન્ટ જ માન્ય ગણવામાં આવશે. અલાયદી હાર્ડ કોપી સ્વીકારવામાં આવશે નહીં. તેમજ ટેન્ડર ફી તથા બાનાની રકમ એફ.ડી.આર. આ કચેરીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૨૫/૨/૨૦૧૯ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

વધારાની માહિતી અને વિગતવાર નિવિદા માટે કચેરી સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૮૧૬/૧૮-૧૯